રે.દિ.નં. ૨૩૭/૨૦૧૯

**–:: આંક ૧ લગત હુકમ ::–**

વાદી તથા તેમના વિ.વ.શ્રી આ કામે આજરોજ પોકાર કરતા કરાવતા ગેરહાજર. આ હુકમ કરતા સમય સુધી તેમના તરફે કોઈ મુદત અરજી રજુ થયેલ નથી કે કોઈ મૌખીક રજુઆત કરવામા આવેલ નથી.

સદર કામે રેકર્ડ વંચાણે લઈએ તો, આ દાવો તારીખ ૦૨/૧૨/૨૦૧૯ના રોજ દાખલ થયેલ છે.સદર દાવામાં આજદીન સુધી આંક–૫ ની સુનાવણી થયેલ નથી. આ કામે વાદી અનીયમીત રહેતા પેન્ડીગ રહેલ અરજીઓ તે આંક– ૨૨ તથા ૩૭ તથા આંક–૩૮ તથા આંક–૪૦ લગત તારીખ ૨૦.૮.૨૫ ના રોજ હુકમ ફરમાવી આ તમામ અરજીઓ ફાયલે કરવાનો હુકમ કરવામા આવ્યા બાદથીપણ ત્રણ માસ વીતી ગયેલ હોવા છતા આ કામે વાદી હાજર રહેલ નથી.

આ કામે રોજકામ જોતા છેલ્લે તારીખ ૧૩.૩.૨૫ ના રોજ અદાલત સમક્ષ હાજર રહેલ છે. ત્યારબાદથી પણ ૮ માસ જેટલો સમય વ્યતીત થયેલ હોવા છતા વાદી આ કામે હાજર રહેલ નથી કે કોઈ મુદત અરજી રજુ થયેલ નથી.આમ વાદી એ સ્પષ્ટપણે કામ મા નીષ્કાળજી દાખવેલ છે.આમ વાદી તરફેની કાર્યવાહી ના અભાવે આ કામ દાખલ થયા તારીખ થી એકજ તબકકે પડી રહેલ છે.

આમ દાખલ તારીખ થી ગણવામા આવે તો,**૬ વર્ષ** જેટલો સમય વ્યતીત થયેલ હોવા છતા વાદી પક્ષે આ કામ આગળ ચાલે તે માટે કોઈ જ પ્રયત્ન કરેલ નથી . આ અગાઉની મુદતે વાદી પક્ષને આ હેતુસર અંતીમ મુદતો અપાયેલ હોવા છતા આજરોજ દાવા કામે કોઈ મુદત અરજી કે કોઈ લેખીત કે મૌખીક રજુઆત થયેલ નથી. આમ રેકર્ડ વંચાણે લેતા, સદર દાવા લગત દાવો દાખલ થયા બાદ થી છ વર્ષ સુધી આંક–૫ ની સુનાવણી માટે જ પેન્ડીગ છે.આમ છતા વાદી તરફે પોતાનો દાવો આગળ ચલાવવા અન્ય કોઈ પ્રયત્નો કરવામા આવેલ હોય, તેવુ રેકર્ડ જોતા ફલીત થતુ નથી, આમ આ દાવો દાખલ થયા તારીખ થી રજુ પણ આગળની કાર્યવાહી તથા આંક–૫ ની સુનાવણી હેતુ જ ચાલી આવે છે.

આમ ઉપરોકત તમામ ચર્ચા, તારણો અને કારણો ધ્યાને લેતા એમ જણાઈ આવે છે કે વાદી

પોતાના દાવા પ્રત્યે લેશમાત્ર ગંભીર નથી અને તેને દાવામા કોઈજ પ્રકારનો રસ નથી, તથા વાદીએ કે તેમના વિ.વ.શ્રીએ આ સમગ્ર સમયગાળા દરમ્યાન એકબીજાનો સંપર્ક કરેલો હોય તેવુંપણ જણાતું નથી અને વાદી સ્થાનીક જીલ્લા–ગાંધીનગર ના જ રહેવાસી હોય તેથી જો ખરેખર વાદીને દાવો ચલાવવામાં રસ હોય તો, કે વાદી ન્યાયની ઝંખના સેવતો હોત તો વાદી આ સમય દરમયાન ચોકકસ આ દાવા કામે હાજર રહી આગળ કામગીરી કરી શકયા હોત. આમ છતાં વાદી આ દાવો આગળ ઘપાવવા માં સદંતર નિષ્ફળ ગયેલા છે અને વાદીને પોતાના દાવામાં કોઈ જ રસ હોવાનું જણાઈ આવતુ નથી.

આવા સંજોગોમાં વાદી તરફે દાવામાં તેમના બેદહ પ્રમાદીપણા, દાવા પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા ઘ્યાને લેતા તથા આ દાવો વર્ષ–૨૦૧૯મા દાખલ થયેલ છ વર્ષ જુની મેટર હોય, દાવા લગત વાદી હાજર રહેતા ના હોય, વાદી માત્ર જરુરી કામગીરી કરી શકે તે હેતુ થી તેમને અવીરત સમય , કોઈ પણ અરજી રજુઆત વગર આપી શકાય નહી તેવુ આ અદાલતનુ માનવુ હોય, , એવા સંજોગોમા આ દાવામાં હવે, ન્યાયના હીતમા વધુ મુદત આપી શકાય નહી. આથી વાદીનો દાવો ડીસમીસ ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુસન કરવાનું ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવમાં આવે છે.

–:: હુકમ ::–

૧) વાદીનો દાવો સીવીલ પ્રોસીજર કોડ ના હુકમ–૯ નિયમ–૫ મુજબ વાદીની ગેરહાજરી તથા સમન્સ બજવણીમા બેકાળજીના સબબ કાઢી નાખવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ ૧૩મી નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૩–૧૧–૨૦૨૫
ગાંધીનગર.

(એફ.એન.સોલંકી)
૩ જા અધિક સીવીલ જજ– ગાંધીનગર.
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)